# SHREE VASISHTHA VIDHYALAYA
## Gujarati 2nd Language Worksheet 2025-26

Name : - ______________________________ Std.:- V - ________

Roll No. :-_______ Worksheet No.CA-6 Date : - ___________

**પાઠ -૧૨ દાનવીર કર્ણ, કાવ્ય -૧૩ બાળપણ, જોડણી**

**અપઠિત ગદ્યાંશ**

પુસ્તકો એ જ્ઞાનનો ભંડાર છે. વાંચવાથી આપણું જ્ઞાન વધે છે અને આપણી વિચારશક્તિ તેજ બને છે. પુસ્તકો આપણને નવી દુનિયા અને નવી સંસ્કૃતિઓથી પરિચિત કરાવે છે. વાંચન આપણને સારી ભાષા અને શબ્દભંડોળ શીખવે છે, જે સંચાર કૌશલ્યો સુધારવામાં મદદ કરે છે. નિયમિત પુસ્તકો વાંચવાથી તણાવ ઓછો થાય છે અને માનસિક શાંતિ મળે છે. નાના બાળકો માટે વાર્તાના પુસ્તકો ખૂબ જ ફાયદાકારક છે, કારણ કે તે તેમની કલ્પનાશક્તિને ઉત્તેજન આપે છે. પુસ્તકો આપણને પ્રેરણા આપે છે અને જીવનના પડકારોનો સામનો કરવાની શક્તિ આપે છે. પુસ્તકાલયો જ્ઞાન મેળવવા અને સમયનો સદુપયોગ કરવા માટે ઉત્તમ સ્થળો છે. તેથી, આપણે બધાએ પુસ્તકો વાંચવાની આદત કેળવવી જોઈએ અને તેના ફાયદાઓનો લાભ લેવો જોઈએ.

**પ્રશ્ન - ૧) ઉપરના ગદ્યાંશના આધારે પ્રશ્નોના જવાબ લખો.**

**(ક) પ્રશ્નોનાં જવાબ લખો.**

૧) નિયમિત પુસ્તકો વાંચવાથી શું થાય છે?

------------------------------------------------------------

૨) વાર્તાના પુસ્તકો કોના માટે ખૂબ ફાયદાકારક છે?

------------------------------------------------------------

**(ખ) ખાલી જગ્યા પૂરો.**

(૧) ---------------------- એ જ્ઞાનનો ભંડાર છે.

(૨) ---------------------- જ્ઞાન મેળવવા અને સમયનો સદુપયોગ કરવા માટેના ઉત્તમ સ્થળો છે.

**પ્રશ્ન - ૨) પાઠના આધારે ખાલી જગ્યા પૂરો.**

(૧) આધુનિક યુગે અવનવી શોધો કરતું -------------------------------- .

(૨) ઇન્દ્ર અને વરુણ -------------------------------- બનીને કર્ણ પાસે ગયા.

(૩) અંતે કર્ણ પરીક્ષામાં -------------------------------- થયો.

(૪) કર્ણ -------------------------------- ના નામથી પ્રખ્યાત હતો.

(૫) કર્ણનો દાંત -------------------------------- નો હતો.

**પ્રશ્ન - ૩) પાઠના આધારે નીચેનાં પ્રશ્નોનાં જવાબ લખો.**

(૧) કવિયત્રી નીલમ ત્રિવેદીએ ક્યુ કાવ્ય લખ્યું છે?

------------------------------------------------------------

(૨) મહાભારતનું યુદ્ધ કયા મેદાનમાં થયું હતું?

------------------------------------------------------------

(૩) કર્ણની પરીક્ષા લેવા કોણ જાય છે?

------------------------------------------------------------------------------------------------------------

(૪) કોણ હંમેશા એકબીજાનું ખરાબ દેખાડે છે?

------------------------------------------------------------------------------------------------------------

(૫) 'દેવતાઓ પણ તારી સ્તુતિ કરશે' કર્ણને આવા આશીર્વાદ કોણે આપ્યા?

------------------------------------------------------------------------------------------------------------

(૬) ઇન્દ્ર કર્ણની પરીક્ષા લેવા પોતાની સાથે કોને લઇ જાય છે?

------------------------------------------------------------------------------------------------------------

**પ્રશ્ન - ૪) નીચે આપેલા વાક્યોમાંથી સાચા વાક્યની સામે ( ✓) અને ખોટા વાક્યોની સામે (×) કરો.**

(૧) મામા ઘેર મજા માણતું મારું બાળપણ. [ ]

(૨) કર્ણ યુદ્ધભૂમિમાં ઘાયલ અવસ્થામાં બેભાન જેવો પડ્યો હતો. [ ]

(૩) બાળકનું મન સફેદ ચોખ્ખા આરસને નિહાળી સ્થિર થયું છે. [ ]

(૪) કર્ણ ઈન્દ્રદેવનો પુત્ર હતો. [ ]

**પ્રશ્ન - ૫) નીચેના શબ્દોની જોડણી સુધારો.**

| | | | |
|---|---|---|---|
| (૧) વઋણ - | -------------------------- | (૬) સ્તુતી- | --------------------------- |
| (૨) ઈરષા - | --------------------------- | (૭) યસસ્વી- | --------------------------- |
| (૩) કુરુક્ષેત્ર - | --------------------------- | (૮) પ્રુથ્વી- | --------------------------- |
| (૪) પ્રાથના- | --------------------------- | (૯) ટેલિવીઝન- | --------------------------- |
| (૫) સૈનીક- | --------------------------- | (૧૦) સુવાશ- | --------------------------- |

**પ્રશ્ન - ૬) નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધીને લખો.**

(૧) શિક્ષકે આસપાસ જોયું. -------------------------------------------

(૨) ભાવેશ માંડ માંડ પાસ થયો. -------------------------------------------

(૩) ચિંતન ઘણું દોડ્યો. -------------------------------------------

(૪) સસલું ઝડપથી દોડે છે. -------------------------------------------

(૫) સાગર પહેલા આવ્યો. -------------------------------------------